# BUSINESS મિત્ર

# સેન્સેક્સ 198 પોઇન્ટ તૂટયો પણ મેટલ શેરોએ સુંદર પ્રદર્શન કર્યું

**આરબીઆઇએ** 25 બેસીસ પોઇન્ટ વ્યાજદર ઘટાડયા છતાં શેરબજારમાં જોશ રહ્યો નહીં

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 7:** ભારતીય રિઝર્વ બેન્કની એમપીસીની બેઠકમાં આજે ગવર્નર સંજય મલ્હોત્રાએ લગભગ પાંચ બાદ વ્યાજદર ઘટાડવાનો નિર્ણય લીધ હતો. જેમાં આજે 25 બેસીસ પોઇન્ટ ઘટાડવાની જાહેરાત કરી હતી. જોકે, આ નિર્ણયની જાહેરાત બાદ શેરબજારમાં નફાવસુલી જોવા મળી હતી. જેમાં આજે સેન્સેક્સ અને નિફ્ટી ત્રીજા દિવસે પણ ઘટયા હતા અને લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. આજે મેટલ સેકટરને બાદ કરતા તમામ સેકટરોમાં નફાવસુલી જોવા મળી હતી. જ્યારે બ્રોડર માર્કેટ સપાટ જોવાયા હતા.

સેકટર વાઇઝ જોઇએ તો નિફ્ટી મેટલ ઇન્ડેક્સ 2 ટકા વધ્યો હતો, જ્યારે પીએસયુ બેન્ક, એફએમસીજી, મીડિયા, ઓઇલ એન્ડ ગેસ ઇન્ડેક્સ એક ટકાથી વધુ ઘટયા હતા. આમ, આરબીઆઇએ વ્યાજદર ઘટાડવાની જાહેરાત કરી છતાં બજારમાં જોશ જોવાયો હતો. રોકાણકારોની સંપત્તિમાં રૂ. 1.17 લાખ કરોડ ડુબ્યા હતા. આજે શેરબજારમાં 60 શેરોએ બાવન વીકની હાઇ બનાવી હતી. જ્યારે 101 શેરો બાવન વીકની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓના કુલ માર્કેટ કેપ રૂ. 423.80 લાખ કરોડ પર પહોંચ્યા છે. જે ગત સેશનમાં રૂ. 424.97 લાખ કરોડ થઇ છે. જેના પરિણામે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 1.17 લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે.

બીએસઇ સેન્સેક્સમાં 197.97 પોઇન્ટ એટલે કે 0.25 ટકા ઘટીને 77860.19 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 78357 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77475 પોઇન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 43.40 પોઇન્ટ 0.18 ટકા ઘટીને 23600 પોઇન્ટની સપાટી તોડીને 23559.95 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23694 પોઇન્ટ સુધી ઉછળી હતી. જ્યારે નીચામાં 23443 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 223.25 પોઇન્ટ એટલે કે 0.44 ટકા ઘટીને 50158.85 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બ્રોડર માર્કેટમાં સામસામી રાહ જોવાયા હતા. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.13 ટકા સુધારો જોવાયો હતો. જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સમાં 0.68 ટકાનો ઘટાડો નોંધાયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 1520 શેરો વધ્યા હતા, જ્યારે 2400 શેરોમાં ઘટાડો નોંધાયો છે અને 144 શેરો યથાવત રહ્યા હતા.

બીએસઇ ખાતે સોનાટા સોફ્ટવેરમાં 12.45 ગણા, ભારતી હેક્ષાકોમમાં 11.93 ગણા, જેકે લક્ષ્મી સિમેન્ટમાં 4.51 ગણા, ધ રેમ્કો સિમેન્ટમાં 3.2 ગણા અને એનસીસીમાં 2.71 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે સોનાટા સોફ્ટવેરમાં 29.88 ગણા, ભારતી હેક્ષાકોમમાં 14.36 ગણા, બિકાજી ફુડસમાં 12.56 ગણા, ગોડફે ફીલિપ્સમાં 9.27 ગણા અ ઝેડ એફ કોમર્શીયલ 5.7 ગણા કામકાજ નોંધાયા છે.

પીએસયુ બેન્ક શેરોમાં નરમાઇ જોવા મળી હતી. નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેક્સ 1.38 ટકા ઘટયો હતો. જેમાં બેન્ક ઓફ મહારાષ્ટ્ર, સ્ટેટ બેન્ક, પંજાબ એન્ડ સિંધ બેન્ક, બેન્ક ઓફ બરોડા, યુનિયન બેન્ક, બેન્ક ઓફ ઇન્ડિયા, ઇન્ડિયન ઓવરસીઝ બેન્ક, કેનેરા બેન્ક, યુકો બેન્ક અને ઇન્ડિયન બેન્ક ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં કોર્પોરેટ અર્નીંગ, એમપીસી પોલિસી અને યુએસ જોબ ડેટા ફોકસમાં રહેશે. બેન્ક ઓફ ઇંગ્લેન્ડ દ્વારા 25 બેસીસ પોઇન્ટ ઘટાડો કર્યો હતો. યુરોપિયન બજારોમાં નરમાઇ સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારો મિશ્ર વલણ સાથે બંધ રહ્યા હતા. જોકે, ગઇકાલે અમેરિકન બજારો પોઝિટિવ બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારો મિશ્ર રહ્યા હતા. જેમાં એફટીએસઇ 0.24 ટકા, કેક 0.16 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે ડેક્સ 0.05 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.72 ટકા, કોસ્પી 0.59 ટકા અને જકાર્તા 1.97 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 0.80 ટકા, હેંગસેંગ 1.14 ટકા, તાઇવાન 0.69 ટકા, શાંઘાઇ એક ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો, 18 પૈસા વધ્યો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયામાં આજે પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 18 પૈસા સુધરીને 87.42ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં 87.60ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 91.06, પાઉન્ડ 109.27, કેનેડિયન ડોલર 61.13, ઓસ્ટ્રેલિયન ડોલર 55.07, જાપાનીઝ યેન 0.5746 અને સીંગાપોર ડોલર 64.75ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -197.97 | 77860.19 |
| નિફ્ટી | -43.40 | 23559.95 |
| બેન્ક નિફ્ટી | -223.25 | 50158.85 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 4.35 | 138.31 |
| ભારતી એરટેલ | 3.52 | 1676.75 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 3.41 | 980.75 |
| ટ્રેન્ટ | 3.36 | 5454.40 |
| હિન્દાલ્કો | 2.01 | 607.40 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઓએનજીસી | 2.83 | 248.90 |
| આઇટીસી | 2.32 | 430.85 |
| એસબીઆઇ | 2.00 | 737.20 |
| બ્રિટાનીયા | 1.73 | 4870.50 |
| અદાણી પોર્ટસ | 1.54 | 1146.10 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 4.34 | 138.30 |
| ભારતી એરટેલ | 3.60 | 1677.80 |
| ઝોમેટો | 2.10 | 233.85 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.86 | 3197.75 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.45 | 11641.55 |

**ટોપ લુઝર્સ**

| | | |
|---|---|---|
| **આઇટીસી** | **2.38** | **430.90** |
| એસબીઆઇ | 2.03 | 737.05 |
| અદાણી પોર્ટસ | 1.44 | 1147.15 |
| ટીસીએસ | 1.31 | 4029.35 |
| ICICI બેન્ક | 1.19 | 1257.55 |

## એક જાન્યુઆરીથી સોનાના ભાવમાં 8030 રૂપિયાનો વધારો થયો

**સોનાના** ભાવ 84613 રૂપિયા, ચાંદી 663 રૂપિયા ઘટીને 94762 રૂપિયા પર પહોંચી

નવી દિલ્હી, તા. 7: સોનાના ભાવમાં આજે સતત ત્રણ દિવસ સુધી ઓલટાઇમ હાઇ પર બંધ રહ્યા બાદ ઘટાડો નોંધાયો હતો. આઇબીજેએના જણાવ્યા અનુસાર 24 કેરેટના 10 ગ્રામ સોનાનો ભાવ 44 રૂપિયા ઘટીને 84613 રૂપિયા પર બંધ રહ્યો હતો.

આ પહેલા 5 ફેબ્રુઆરીએ સોનું 83657 રૂપિયા પ્રતિ દસ ગ્રામની અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ હતું.

આજે પણ તે 15 રૂપિયાની ઉપર ઓલટાઇમ હાઇ પર ખુલ્યો હતો. અહીં ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે.




### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૬૫૦ | કોપરેલ | ૪૪૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૪૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૫૦ | સનફ્લાવર | ૨૨૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૮૦ | તલતેલ | ૫૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૦૦ | દિવેલ | ૨૪૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૦૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૭૦૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૮૭૩૦૦ |
| તેજાબી સોનું | ૮૭૨૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૮૨૯૩૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૮૫૫૫૫ |
| સોનાનાં બિસ્કીટ | ૮૭૩૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૯૭૮૦૦ |
| ચાંદી સિક્કા | ૯૯૩૦૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૩૫૦ |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૦૦ |
| એસ-૩૦ | ૪૧૭૫ |

# ભાગીદારોના પગાર, વ્યાજ પર T.D.S. કાપજો

**ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ**

નાણાંમંત્રીએ ફાયનાન્સ બીલ 2025ની જોગવાઇમાં વ્યકિતગત (Individual) કરદાતાને જ કલમ- 87A ના 60,000/- સુધીના રીબેટ અંતર્ગત 12 લાખની આવક સુધીની કરમુકિત આપી છે. એચ.યુ.એફ., એ.ઓ.પી. કે જેઓ નવી ટેક્ષ સીસ્ટમમાં લાભ લે છે એને આ રીબેટની છૂટ નથી પરંતુ આ વર્ગના પહેલાં 4 લાખ સુધી કોઇ ટેક્ષ નથી અને 4 લાખથી 8 લાખ સુધીની આવક ઉપર 5 ટકા અને 8 લાખથી 12 લાખની આવક ઉપર 10 ટકા જેવો ટેક્ષની રાહતકારક જોગવાઇથી અવશ્ય ફાયદો થશે.

આમ 12 લાખ સુધીની આવક ઉપર શૂન્ય ટેક્ષ ભરવાની ઝંઝટમાંથી મુકત થશે એવી એક વર્ગની માન્યતા અહીં ભૂલભરેલી સાબિત થશે કારણ કે આ તમામે T.D.S. અને T.C.S.ની ટેક્ષ કપાત કરાવવી પડશે અને એને લીધે તેઓના રિફંડ અટવાયેલા રહેશે. અને એ મેળવવા માટે ઇન્કમટેક્ષ રીટર્ન ભરાઇ અને પ્રોસેસ થાય ત્યા સુધી રાહ જોવી પડશે. જો કે ગઇસાલ T.D.S. ના રેઇટમાં ઘટાડો થયો છે અને આ વર્ષે કપાતપાત્ર લીમીટમાં વધારો થયો છે.

**ભાગીદારોને પગાર-વ્યાજ**

ગઇસાલથી કલમ-194 T અંતર્ગત આકારણી વર્ષ 2025-26 (હિસાબી વર્ષ 31-3-25 એન્ડીંગ) ભાગીદારોને 20,000 થી વધારેનો વ્યાજ પગાર ચૂકવાય તો 10 ટકા T.D.S. કાપી લેવાની જોગવાઇ અમલી બની છે.

હવે આમાં બે મુદ્દાઓ સંકળાયેલા છે કે જે મુજબ દર મહિને વ્યાજ/પગાર ચૂકવનારે બીજા મહિનાની 7 તારીખ પહેલાં આ T.D.S. ચૂકવી દેવાનો રહે છે. અથવા 31-3-2025ના રોજ આખા વર્ષનો પગાર ઉધારાય તો 31-5-2025 પહેલાં T.D.S. ભરી દેવાનો અને ત્રિમાસિક રીટર્ન પણ ભરી દેવાનું રહે છે. તમામ ભાગીદારી પેઢીઓ કે જેઓ ઓડિટને પાત્ર હોય કે નહિ તેઓ જો ચોપડે ભાગીદાર પગાર, વ્યાજ ઉધારે તો T.D.S. ચોક્કસ કાપવો પડશે.

**ભાગીદારી ડીડ-દસ્તાવેજોમાં સુધારો**

ભાગીદારી પેઢીઓ કે જેઓને ભાગીદાર પગાર આપે છે તેને હવે ભાગીદારી ડીડમાં ફેરફાર કરવો પડશે કારણ કે ગઇસાલથી ઉપરોકત T.D.S. ના નવા પ્રાવધાન ઉપરાંત ભાગીદારી (પેઢીના 300000 લાખના બુક પ્રોફિટ ઉપર 9 ટકા લેખે 270,000 સુધીના મહત્તમ પગારની લીમીટ વધીને 600000 અને 540,000 થઇ જતાં તમામ ભાગીદારી પેઢીઓએ માર્ચ 2025માં સ્ટેમ્પ પેપર લઇને ઉપરોકત સુધારાનો કલોઝ આમે જ કરવો પડશે.

**તો 12 લાખની લીમીટ ભ્રામક સાબિત થશે**

ગઇસાલના આ ફેરફારોથી ચાલુ સાલની આ 12 લાખની લ્હાણી સંપૂણ ધોવાઇ જશે કારણ કે પગાર, વ્યાજ ઉપર 10 ટકાનો T.D.S. છેવટે રિફન્ડેબલ થતાં નાની-પેઢીઓ માટે આ રકમ જામ થવા ઉપરાંત ત્રિમાસિક રીટર્નો ભરવાનું પાલન (Complianus) યોગ્ય નથી. નાણાંમંત્રી આ અંગે તાકિદે વિચારણા કરે એ જ અપેક્ષા

## બજેટમાં ઇન્કમટેક્ષમાં રાહત બાદ રેપોરેટ ઘટતા કન્ઝમ્પશન વધવાની આશા

**કન્ઝમ્પશન** વધતા ઓટો, રિયલ એસ્ટેટ અને કન્ઝયુમર ડયુરેબલ્સ ક્ષેત્રોને વેગ મળશે

મુંબઇ, તા. 7: ભારતીય રિઝર્વ બેન્કની મોનીટરી પોલિસી કમિટિએ આજની ફેબ્રુઆરીની સમીક્ષા બેઠકમાં રેપોરેટ 25 બેસીસ પોઇન્ટ ઘટાડીને 6.25 ટકા કર્યો હતો. આર્થિક વિકાસને વેગ આપવાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સેન્ટ્રલ બેન્કે લગભગ પાંચ વર્ષ બાદ રેપો રેટમાં ઘટાડો કર્યો છે. આનાથી વપરાશમાં વધારો થવાની મદદથી ઓટોમોબાઇલ્સ, રિયલ એસ્ટેટ અને કન્ઝયુમર ડયુરેબલ્સ જેવા ક્ષેત્રોને વેગ મળવાની અપેક્ષા છે. ઉંચા ફુગાવાના દબાણ વચ્ચે આ ક્ષેત્રો માગની ચિંતાથી ઝઝૂમી રહ્યા છે. આ નિર્ણયના પગલે વોલ્ટાસ અને હેવલ્સ જેવી કંપનીઓ સહિત કન્ઝયુમર ડયુરેબલ્સ જેવા સેકટરોને ફાયદો થવાની આશા છે. કારણ કે નાણાકીય ખર્ચ ઘટશે અને ઘરવખરીનું વેચાણ વધશે. આરબીઆઇના નવા ગવર્નર સંજય મલ્હોત્રાએ મનોનીટરી પોલિસી કમિટીના નિર્ણયોને જણાવતા કહ્યું હતું કે, આવનારા દિવસોમાં તંદુરસ્ત રવિ પાકની સંભાવનાઓ અને ઔદ્યોગિક પ્રવૃત્તિમાં અપેક્ષિત સુધારાથી નાણાકીય વર્ષ 2025-26માં આર્થિક વૃદ્ધિને ટેકો મળવો જોઇએ. માગની બાજુના મુખ્ય ડ્રાઇવરોમાં, કેન્દ્રીય બજેટ 2025-26માં કરરાહતની મદદથી ઘરગથ્થું વપરાશ મજબૂત રહેવાની અપેક્ષા છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૪ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૦ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩.૫ |
| ૬૮/૩૬ | ૧૨૮ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૩૧.૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૮.૮ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૮.૮ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૨ | ૮૦/૭૨ રોટો | ૧૨૯ | ૭૫ ક્રિમ્પ | ૧૨૫.૪૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૨ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૧.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૨૪.૩૨ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૯ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૧.૫ | ૮૦/૭૨ રોટો | ૧૨૯.૯૨ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૮ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૧ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

# ડોનાલ્ડ ટ્રમ્પ ગાઝા પટ્ટીને કબજે કરીને તેને મધ્ય પૂર્વનું રિવેરા બનાવવા માગે છે



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની જમીનભૂખનો કોઇ પાર નથી. પહેલાં કેનેડા, પછી ગ્રીન લેન્ડ અને હવે ગાઝા પટ્ટી પર તેમણે નજર બગાડી છે. ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની હાજરીમાં ગાઝા પટ્ટી પર કબજો કરવાનું સૂચન કરીને સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. આ જાહેરાત પહેલાં જ મુસ્લિમ દેશો અને હમાસ જેવાં આતંકવાદી સંગઠનો ગભરાટની સ્થિતિમાં જોવા મળ્યાં હતાં. બેન્જામિન નેતન્યાહૂ દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પને ભેટમાં આપેલા ગોલ્ડન પેજરને કારણે હવે લેબનોન અને હિઝબુલ્લાહ ચર્ચાનો વિષય બન્યા છે. ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ તાજેતરમાં અમેરિકાની મુલાકાતે આવ્યા હતા. અમેરિકામાં તાજેતરમાં સત્તા પરિવર્તન અને ડોનાલ્ડ ટ્રમ્પના સત્તામાં પાછા ફર્યા પછી કોઇ વિદેશી નેતાની આ પહેલી મુલાકાત હતી. બેન્જામિન નેતન્યાહૂએ વોશિંગ્ટન ડીસીની મુલાકાત દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ગોલ્ડન પેજર ભેટમાં આપ્યું હતું, જેની વ્યાપક ચર્ચા થઇ રહી છે. ગોલ્ડન પેજર એ એક પ્રતીક છે, જે સપ્ટેમ્બર ૨૦૨૪ માં લેબનોનમાં હિઝબુલ્લાહ સામે ઇઝરાયલ દ્વારા કરવામાં આવેલા ઘાતક ઓપરેશનનો ઉલ્લેખ કરે છે. ઇઝરાયેલે પેજર અને બાદમાં વોકી-ટોકીનો ઉપયોગ કરીને ઇરાન સમર્થિત આતંકવાદી જૂથના સભ્યોને નિશાન બનાવ્યા હતા. ઇઝરાયેલ દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પને સોનાના પેજરની ભેટને હિઝબુલ્લાહ અને લેબનોન અંગે સંકેત ગણી શકાય.

છેલ્લા ૧૫ મહિનાથી ગાઝા પટ્ટીમાં ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. ભયંકર યુદ્ધમાં ઇઝરાયલે હમાસ સમર્થિત આતંકવાદીઓ સાથે ગાઝા પટ્ટીને લગભગ બરબાદ કરી દીધી છે. હવે ઇઝરાયલ ગાઝા પટ્ટી અમેરિકાને સોંપવા જઇ રહ્યું છે. ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ તાજેતરમાં વોશિંગ્ટનમાં ડોનાલ્ડ ટ્રમ્પને મળ્યા હતા. તે જ સમયે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સૂચન કર્યું કે અમેરિકા ગાઝા પટ્ટી પર કબજો કરશે. ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ પેલેસ્ટિનિયનોને ગાઝા પટ્ટી છોડી દેવા કહ્યું હતું. એ અલગ વાત છે કે ડોનાલ્ડ ટ્રમ્પનાં સૂચનોનો વૈશ્વિક સ્તરે વિરોધ થયો છે. ખાસ કરીને મુસ્લિમ દેશોએ ડોનાલ્ડ ટ્રમ્પનાં સૂચનો સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમણે ઘણા મહિનાઓથી ગાઝાનો ખૂબ જ બારીકાઇથી અભ્યાસ કર્યો છે. ગાઝામાં પેલેસ્ટિનિયનો પાસે કોઇ વિકલ્પ નથી. તેમની પાસે ત્યાં ફક્ત કચરો છે. પેલેસ્ટિનિયનોએ ગાઝાને બદલે કોઇ સુંદર જગ્યાએ સ્થળાંતર કરવું જોઇએ. અમે ગાઝા પર નિયંત્રણ મેળવ્યા પછી ત્યાંના બધા ન ફૂટેલા બોમ્બ અને અન્ય શસ્ત્રોનો નાશ કરવાની જવાબદારી લઇશું અને નાશ પામેલી ઇમારતોનો કાટમાળ દૂર કરીશું. ગાઝામાંથી લોકોને ખાલી કરાવ્યા પછી અહીં પુનર્નિર્માણ કાર્ય જોરશોરથી હાથ ધરવામાં આવશે. આ નિર્ણય સંપૂર્ણ ગંભીરતા સાથે લેવામાં આવ્યો છે. આ બ્લુપ્રિન્ટ વિશે મેં જેમની સાથે વાત કરી છે તેમને તે ગમ્યું છે. આ વિસ્તારનું પુનઃનિર્માણ કરવામાં આવશે અને પછી અહીં હજારો રોજગારની તકો પૂરી પાડીને તેનો વિકાસ કરવામાં આવશે. ગાઝા દુનિયાભરનાં લોકોનું ઘર બની શકે છે. અમે ગાઝાને મધ્ય પૂર્વનો રિવેરા બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીશું. રિવેરા વાસ્તવમાં ઇટાલિયન શબ્દ છે, જેનો અર્થ દરિયાકિનારો થાય છે. ફ્રેન્ચ રિવેરા અને ઇટાલિયન રિવેરા સમગ્ર વિશ્વમાં તેમના પર્યટન માટે પ્રખ્યાત છે. તેવી જ રીતે ડોનાલ્ડ ટ્રમ્પ ગાઝા ઉપર કબજો કર્યા પછી તેને પર્યટન કેન્દ્ર તરીકે વિકસાવવા માંગે છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ પેલેસ્ટિનિયન પ્રદેશ પર કબજો કેવી રીતે વાજબી ઠેરવી શકાય? અને ગાઝા પટ્ટીમાં રહેતા લગભગ વીસ લાખ મુસ્લિમોનું શું થશે? ગાઝા પર કબજો કરવાના ટ્રમ્પના વિચારથી ઇઝરાયલમાં જમણેરી વ્યક્તિઓ અને અમેરિકાના ઇઝરાયલ તરફી સમુદાયનાં કેટલાક લોકો ખુશ થયાં છે. ઇઝરાયલી સરકાર લાંબા સમયથી પેલેસ્ટિનિયનો પાસેથી ગાઝા પાછું મેળવવા માંગતી હતી, જેથી ખાતરી કરી શકાય કે આ જમીનનો ઉપયોગ ઇઝરાયલ સામે આતંકવાદી હુમલાઓ કરવા માટે ન થઇ શકે. જ્યારે અમેરિકા અને અમેરિકાની બહાર ટ્રમ્પના નિવેદન સામે તીવ્ર પ્રતિક્રિયા જોવા મળી રહી છે. આ પ્રસ્તાવને વાહિયાત ગણાવવામાં આવ્યો છે. ઘણાં પેલેસ્ટિનિયન અમેરિકનોએ કહ્યું કે ગાઝા પટ્ટીમાંથી લાખો લોકોને હાંકી કાઢવાનો અને તેને અમેરિકન નિયંત્રણ હેઠળ મૂકવાનો વિચાર ભયાનક છે. ઇઝરાયલે ૨૦૦૫ માં ગાઝામાંથી તેની વસાહતો અને લશ્કરી હાજરી પાછી ખેંચી લીધી હતી, પરંતુ આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર ગાઝાને હજુ પણ ઇઝરાયેલના કબજા હેઠળનો પ્રદેશ ગણવામાં આવે છે. ઇજિપ્ત ગાઝાની દક્ષિણ સરહદ (રફાહ ક્રોસિંગ) ને પણ નિયંત્રિત કરે છે. પેલેસ્ટાઇનનાં લોકો એક સમયે ઇઝરાયલના પ્રદેશથી ગાઝા અને ઇજિપ્તના નિયંત્રણ હેઠળના વિસ્તારોમાં ફેલાયેલા હતા. આ એક આખો દેશ હતો, પણ હવે આ પૃથ્વી પર તેમની સ્થિતિ વિચિત્ર છે. અલબત્ત, ગાઝાને કોઇ પણ દેશ કે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સાર્વભૌમ રાજ્ય તરીકે માન્યતા આપવામાં આવી નથી. જો કે પેલેસ્ટાઇન રાજ્યને યુનોના ૧૩૮ સભ્ય દેશો દ્વારા માન્યતા આપવામાં આવી છે. આ દેશો ગાઝા અને વેસ્ટ બેન્ક બંનેને એક જ દેશ તરીકે જુએ છે.

**ટુ ધ પોઇન્ટ — સમકિત શાહ**

જીનીવા સંમેલન હેઠળ ગેરકાયદેસર નિયંત્રણને યુદ્ધ અપરાધ ગણી શકાય. ગાઝા પટ્ટી હાલમાં હમાસ દ્વારા સંચાલિત છે. આ પ્રદેશ ઐતિહાસિક રીતે ઇઝરાયલ-પેલેસ્ટાઇન સંઘર્ષનું કેન્દ્ર રહ્યો છે. અમેરિકા દ્વારા ત્યાં સીધો વહીવટ સ્થાપિત કરવો એ આંતરરાષ્ટ્રીય સ્તરે વિવાદાસ્પદ અને ગેરબંધારણીય હશે. આવાં પગલાંથી અમેરિકાની વૈશ્વિક વિશ્વસનીયતાને નુકસાન થશે જ, પરંતુ મધ્ય પૂર્વમાં તેણે ભારે પ્રતિકારનો સામનો કરવો પડશે. આ મુદ્દે ઇરાન અને અન્ય ઇસ્લામિક જૂથો સાથે પણ અમેરિકાનો મુકાબલો થશે. ડોનાલ્ડ ટ્રમ્પનાં નિવેદનો પરથી એવું લાગે છે કે તેઓ ઇઝરાયલ અને ગાઝા વચ્ચેના કામચલાઉ યુદ્ધવિરામ પછી શાંતિ જાળવવાના પક્ષમાં નથી. હવે તેમણે ઇઝરાયલી કાર્યવાહીને ટેકો આપવાનું શરૂ કર્યું છે. તેથી શક્ય છે કે તેઓ ગાઝા પર સંપૂર્ણ ઇઝરાયલી લશ્કરી નિયંત્રણના પક્ષમાં હોય. ઇઝરાયલ માટે ગાઝા પર સંપૂર્ણ નિયંત્રણ મેળવવું મુશ્કેલ છે, કારણ કે હમાસ અને અન્ય આતંકવાદી જૂથોનો ત્યાં મજબૂત આધાર છે.

અમેરિકા સંયુક્ત રાષ્ટ્ર અથવા નાટો હેઠળ પીસકીપિંગ મિશનના નામે ગાઝામાં લશ્કરી હાજરી બનાવી શકે છે અને તેના દ્વારા તેના ઉપર પરોક્ષ નિયંત્રણનો ઉપયોગ કરી શકે છે. આ પગલાંને ખાસ કરીને આરબ દેશો અને પેલેસ્ટિનિયન ઓથોરિટી તરફથી તીવ્ર પ્રતિક્રિયાનો સામનો કરવો પડશે. અમેરિકા ભવિષ્યમાં ગાઝામાં નવી અમેરિકન સમર્થિત સરકાર બનાવવાની યોજના પણ બનાવી શકે છે. આ રસ્તો અમેરિકા માટે વધુ સારો લાગે છે. ઘણા દેશોમાં આમ કરીને અમેરિકા પોતાના માટે અનુકૂળ સરકાર બનાવી રહ્યું છે. અમેરિકા ગાઝા માટે માનવતાવાદી સહાયની જાહેરાત કરી શકે છે, પરંતુ તે પેલેસ્ટિનિયન ઓથોરિટી દ્વારા મોકલવામાં આવશે. દરમિયાન, હમાસે ગાઝા પટ્ટી ખાલી કરવાની અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની યોજનાનો સખત વિરોધ કર્યો છે. તેમણે કહ્યું કે ટ્રમ્પની યોજના કબજાની ઘોષણા જેવી છે.

જેરુસલેમ પોસ્ટના અહેવાલ મુજબ હમાસે તેના નિવેદનમાં કહ્યું કે અમને ગાઝામાં બીજા કોઇ દેશની જરૂર નથી. અમે એક દેશના કબજાના બદલામાં બીજા દેશના કબજાને સ્વીકારીશું નહીં. પેલેસ્ટિનિયન એકતાનું આહ્વાન કરતાં હમાસે આરબ દેશોને ટ્રમ્પના દબાણમાં ન ઝૂકવા અને વિસ્થાપનને નકારવાના તેમના વલણ પર અડગ રહેવા વિનંતી કરી છે. હમાસે આંતરરાષ્ટ્રીય સંગઠનોને પણ ટ્રમ્પના પ્રસ્તાવનો વિરોધ કરવા હાકલ કરી છે. આ ઉપરાંત હમાસે આરબ દેશોને આ વિસ્થાપન પ્રોજેક્ટનો વિરોધ કરવા માટે કટોકટી બેઠક બોલાવવાની માંગણી કરી છે.

**સૌથી મોટો પ્રશ્ન એ છે કે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ પેલેસ્ટિનિયન પ્રદેશ પર કબજો કેવી રીતે વાજબી ઠેરવી શકાય? અને ગાઝા પટ્ટીમાં રહેતાં લગભગ વીસ લાખ મુસ્લિમોનું શું થશે?**























